માંજરોલ ગામમાં નવરાત્રી દરમિયાન માતાજીની આરાધના અને ગરબાની સાથે પરંપરાગત હુડા-હુડી

## માંજરોલમાં નવરાત્રી દરમિયાન યુવાનોએ ધારણ કર્યા ભૂત-પ્રેતના અનોખા વેશ

**હુડા-હુડી** અને વિવિધ વેશભૂષા નિહાળવા ગ્રામજનો ઉમટ્યા, વર્ષો જૂની લોકસંસ્કૃતિ આજે પણ જીવંત



(પ્રતિનિધિ) સંખેડા, તા.19
સંખેડા તાલુકાના માંજરોલ ગામે શારદીય નવરાત્રીના પર્વ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષો જૂની અનોખી પરંપરા જાળવી રાખવામાં આવી હતી. નવરાત્રી દરમિયાન ગરબાની સાથે હુડા-હુડી અને વિવિધ પાત્રોની વેશભૂષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના યુવાનોએ અવનવા વેશ ધારણ કરીને ગ્રામજનોનું મનોરંજન કર્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, માંજરોલ ગામમાં નવરાત્રી દરમિયાન માતાજીની આરાધના અને ગરબાની સાથે પરંપરાગત હુડા-હુડી તથા વેશભૂષાના કાર્યક્રમો યોજવાની આગવી પરંપરા છે. આ વર્ષે પણ યુવાનોએ ઉત્સાહભેર તેમાં ભાગ લીધો હતો. યુવાનોએ શરીર પર કેળનાં પાન અને ઝાડનાં પાંદડાં લપેટીને તેમજ સફેદ કપડાં ધારણ કરીને ભૂત-પ્રેત જેવા વિવિધ આકર્ષક અને ભયજનક વેશ બનાવ્યા હતા. મોં પર બુકાની બાંધીને ગરબામાં ફરતા આ યુવાનોને નિહાળવા લોકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી.

ગામની આ પરંપરા માત્ર મનોરંજન પૂરતી સીમિત નથી, પરંતુ વર્ષોથી ચાલી આવતી લોકસંસ્કૃતિ અને સામૂહિક ઉત્સવની ભાવનાનું પ્રતીક પણ છે. નવરાત્રીના ધાર્મિક માહોલમાં આવી અનોખી વેશભૂષા કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવે છે.

વેશભૂષાના આ કાર્યક્રમને નિહાળવા ગામના વડીલો, મહિલાઓ, બાળકો અને યુવાનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા. લોકોએ આ અનોખાં દૃશ્યો પોતાના મોબાઈલમાં કેદ કર્યાં હતાં. આમ, માંજરોલ ગામમાં નવરાત્રી દરમિયાન યોજાતી હુડા-હુડી અને વિવિધ વેશભૂષાની પરંપરા આ વર્ષે પણ ગામના લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી.

સંખેડા ડી.બી. પારેખ ગ્રાઉન્ડમાં આઠમા નોરતે ઉમટ્યું માનવ મહેરામણ

## ભક્તિ અને ઉત્સાહના માહોલમાં ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા



(પ્રતિનિધિ) સંખેડા, 19
સંખેડા નગરમાં ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલના ગ્રાઉન્ડ ખાતે નવરાત્રીના આઠમા નોરતે માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. આધ્યા શક્તિ ગ્રુપ અને સંખેડા હિન્દુ સંગઠન દ્વારા આયોજિત નવરાત્રી ગરબા મહોત્સવમાં ભક્તિ અને ઉત્સાહનો અનેરો માહોલ છવાઈ ગયો હતો.

અંતિમ દિવસો નજીક આવતા ગરબા ગ્રાઉન્ડમાં ભીડમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે આઠમા નોરતે હજારોની સંખ્યામાં ખેલૈયાઓ પરંપરાગત વેશભૂષામાં ગરબાના તાલે ઝૂમી ઉઠ્યા હતા. ઢોલના તાલે અને માતાજીના ગરબાની રમઝટે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારના યુવાનોને ઘર આંગણે જ માતાજીની આરાધના કરવાનો લાભ મળે તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે. ગ્રાઉન્ડ પર લાઈટિંગ, સાઉન્ડ, સિક્યુરિટી અને ફૂડ સ્ટોલ સહિતની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

### પાદરામાં શ્રીજી ગરબામાં માનવ મહેરામણ



પાદરામાં ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા દ્વારા આયોજિત માં શક્તિ સેવા ટ્રસ્ટના શ્રીજી ગરબા મહોત્સવમાં આઠમા નોરતે માનવ મહેરામણ ઉમટ્યું હતું. રંગબેરંગી ચણિયાચોળી અને પરંપરાગત પોશાકમાં સજ્જ ખેલૈયાઓ ઢોલના તાલે મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા. ભારે ભીડ વચ્ચે ભક્તિ, ઉત્સાહ અને માતાજીની આરાધનાનો માહોલ છવાયો હતો.

### પીપળી ધામે નાગણેશ્વરી માતાજીના મંદિરે આઠમની ઉજવણી



પીપળી ધામે રાઠોડ સમાજનાં કુળદેવી શ્રી નાગણેશ્વરી માતાજીના મંદિરે આઠમ નિમિત્તે હોમ-હવન, મહાઆરતી અને મહાપ્રસાદ યોજાયાં હતાં. દર્શનાર્થે મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા.

બે તાળી, ત્રણ તાળી ગરબા અને ટીમલીના તાલે ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ

## મીંઢોળમાં આઠમા નોરતે ગરબાની રમઝટ, સુરેશ ચકસ્માના સ્વરે ખેલૈયાઓ ઝૂમ્યા




(પ્રતિનિધિ) શિનોર, તા.19
શિનોર તાલુકાના મીંઢોળ ગામે જય અંબે યુવક મંડળ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં આઠમા નોરતે સિંગર ગોપાલ ચકસ્મા અને સુરેશ ચકસ્માએ પોતાના મધુરા સ્વરથી બે તાળી, ત્રણ તાળી અને ટીમલીના તાલે ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જગાવ્યો હતો. ભક્તિ, સંગીત અને ગરબાના અદભુત સંગમ વચ્ચે ખેલૈયાઓ મન મૂકીને ઝૂમ્યા હતા અને સમગ્ર ગરબા મેદાન માતાજીની આરાધનાથી ગુંજી ઊઠ્યું હતું. શિનોર તાલુકાના મિંઢોળ ગામે જય અંબે યુવક મંડળ દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય નવરાત્રી મહોત્સવ 2026 નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.જય અંબે યુવક મંડળ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં આઠમા નોરતે ગરબાની જોરદાર રમઝટ જોવા મળી હતી. સિંગર ગોપાલ ચકસ્મા અને સુરેશ ચકસ્માએ પોતાના મધુરા સ્વરથી બે તાળી, ત્રણ તાળી ગરબા અને ટીમલીના તાલે ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જગાવ્યો હતો. ભક્તિ, સંગીત અને ગરબાના અદભુત સંગમ વચ્ચે ખેલૈયાઓ મન મૂકીને ઝૂમ્યા હતા અને સમગ્ર ગરબા મેદાન માતાજીની આરાધનાથી ગુંજી ઊઠ્યું હતું.

### પાદરાના શ્રીજી બાળ ગરબામાં રામાયણ થીમની વેશભૂષાએ સૌનાં મન મોહ્યાં




પાદરા ચતુરપાર્ક સોસાયટી સામે આવેલ માં શક્તિ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત શ્રીજી બાળ ગરબા મહોત્સવમાં નાનાં ભૂલકાઓએ રામાયણ થીમ પર વેશભૂષામાં સજ્જ થઈને દર્શકોનું મન મોહી લીધું હતું. બાળકોએ ગરબાની રેડી અને ઉત્સાહભરી પ્રસ્તુતિથી સૌને મંત્રમુગ્ધ કરી દીધું. રામ લક્ષ્મણ જાનકી હનુમાન ઝટાયું, શુર્ણપંખા, રાવણ સહીત રામાયણ ના પાત્રો ની શ્રેષ્ઠ વેશભૂષા ધારણ કરી બાળકો ગરબે ગુમ્યા હતા.

ભારેવાહન વાહન સહિત વાહન ચાલકો ને થશે રાહત

## સિહોદ પાસે વરસાદમાં ધોવાઈ ગયેલું (NH-56)ના ડાયવર્ઝનનું સમારકામ શરૂ

**ડાયવર્ઝન** બંધ રહેતાં વાહનચાલકોને રોજ 40 કિમીનો વધારાનો ફેરો



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.19
જેતપુરપાવી નજીક સિહોદ ખાતે નેશનલ હાઈવે-56 (NH-56) પર ભારજ નદીનો બ્રિજ તૂટી જતાં વાહનવ્યવહાર માટે બાજુમાં ડાયવર્ઝન બનાવવામાં આવ્યું હતું. જોકે, વરસાદી ઋતુ દરમિયાન ભારે વરસાદના કારણે આ ડાયવર્ઝન ધોવાઈ જતાં વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. પરિણામે વાહનચાલકોને હાલ આશરે 40 કિલોમીટરનો વધારાનો ફેરો ફરવાની ફરજ પડી રહી છે.

ડાઈવર્ઝનનું સમારકામ ટૂંક સમય મા પતે એટલે વાહન ચાલકો ને રાહત થશે. હવે વરસાદી ઋતુ પૂર્ણ થઇ છે ત્યારે વાહનચાલકો અને વાહન માલિકો દ્વારા સિહોદ ખાતેનું ડાયવર્ઝન જરૂરી મરામત સાથે ફરી શરૂ કરવાની માંગ હતી . વાહનચાલકોનું કહેવું છે કે ડાયવર્ઝન બંધ હોવાના કારણે રોજિંદી અવરજવરમાં સમય અને ઈંધણ બંનેનો વધારાનો ખર્ચ થઈ રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, સિહોદ ખાતે નવા પુલનું કામ પણ ટૂંક સમયમાં પૂર્ણ થવાની આશા છે. જોકે, નવા પુલનું કામ પૂર્ણ થાય ત્યાં સુધી હવે ડાયવર્ઝનની જરૂરી મરામત કરી તેને સુરક્ષિત રીતે વાહનવ્યવહાર માટે ખુલ્લું કરવામાં આવશે આસપાસના વિસ્તારના તેમજ આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને મોટી રાહત મળશે.

વાહનચાલકોની માંગ હતી કે સંબંધિત તંત્ર દ્વારા સિહોદ ડાયવર્ઝનની તાત્કાલિક સ્થળ તપાસ કરી જરૂરી મરામત હાથ ધરવામાં આવે અને સુરક્ષાની પૂરતી વ્યવસ્થા સાથે તેને ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લું કરવામાં આવે, જેથી વાહનચાલકોનો સમય, ઈંધણ અને રોજનો વધારાનો 40 કિલોમીટરનો ફેરો બચી શકે.

### પાદરાના મહુવડ ગામેથી શાકભાજી લેવા ગયેલો ૨૮ વર્ષીય યુવક ગુમ

(પ્રતિનિધિ) પાદરા, તા.19
પાદરા તાલુકાના મહુવડ ગામના જનકપુરી વિસ્તારમાં રહેતા ૨૮ વર્ષીય અજીતસિંહ વિક્રમસિંહ પરમાર શાકભાજી લેવા જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ ગુમ થયા છે. ગત તા. ૧૭ ઓક્ટોબરે રાત્રે પાદરા જવાનું કહી નીકળેલા અજીતસિંહ પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. તેમ છતાં કોઈ પત્તો ન લાગતાં પત્ની પારુલબેને વડુ પોલીસ મથકમાં જાણ કરી હતી. પોલીસે ગુમ જાણવા જોગ નોંધ કરી તપાસ શરૂ કરી છે. ગુમ થયેલા અજીતસિંહનો બાંધો મજબૂત, વર્ણ ઘઉંવર્ણ અને ઊંચાઈ આશરે પાંચ ફૂટ છે. ઘરેથી નીકળ્યા ત્યારે તેમણે મહેંદી રંગનું આખી બાંયનું શર્ટ અને બ્લુ જીન્સ પહેર્યું હતું. તેઓ ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે.

અજાણી સમસ્યાથી કપાસનાં છોડ અને પાંદડાં પીળાં પડી સુકાવા લાગ્યાં

## નસવાડીમાં કપાસના પાક પર વિચિત્ર રોગચાળાનો ખતરો! ખેડૂતો ચિંતિત

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.19
નસવાડી તાલુકામાં કપાસના પાકમાં જોવા મળી રહેલી અજાણી સમસ્યાને પગલે ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. એક તરફ કપાસમાંથી ઉત્પાદન મળવાની શરૂઆત થઈ છે, ત્યારે બીજી તરફ ખેતરોમાં ઊભા કપાસના છોડ સુકાઈ જવા અને પાંદડાં પીળાં પડવાની ફરિયાદો સામે આવી રહી છે. આ સ્થિતિને કારણે ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળવાની ભીતિ ઊભી થઈ છે.

નસવાડી તાલુકામાં ચાલુ વર્ષે મોટી સંખ્યામાં ખેડૂતોએ કપાસનું વાવેતર કર્યું હતું. શરૂઆતમાં પાક સારો દેખાતાં સારા ઉત્પાદનની આશા બંધાઈ હતી, પરંતુ હવે



પાકમાં જોવા મળતી સમસ્યાથી ખેડૂતોની ચિંતા વધી છે. બિયારણ, ખાતર, દવા, મજૂરી અને સિંચાઈ પાછળ ખર્ચ કર્યા બાદ પાકને નુકસાન થવાની શક્યતાથી ખેડૂતો આર્થિક સંકટની ભીતિ અનુભવી રહ્યા છે. કપાસના છોડ સુકાવા પાછળ રોગ, જીવાત, હવામાનમાં ફેરફાર કે અન્ય કોઈ કારણ જવાબદાર છે તે અંગે વૈજ્ઞાનિક તપાસ જરૂરી બની છે. પાકની ગુણવત્તા બગડશે તો બજારમાં કપાસના ઓછા ભાવ મળવાની પણ ખેડૂતોને ચિંતા છે.

બીજી તરફ, નસવાડીમાં લાયસન્સ વગર બિયારણ વેચાતું હોવાની ફરિયાદોની પણ તપાસ કરવાની માંગ ઊઠી છે. સંબંધિત વિભાગ દ્વારા બિયારણના વેચાણ અને ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે તેવી ખેડૂતોની માગ છે. ખેડૂતોની માંગ છે કે કૃષિ વિભાગના અધિકારીઓ અને કૃષિ વૈજ્ઞાનિકોની ટીમ અસરગ્રસ્ત ખેતરોની મુલાકાત લઈ છોડ અને પાંદડાંનાં નમૂનાઓની તપાસ કરે. સમસ્યાનું સમયસર નિદાન કરી યોગ્ય સારવાર અંગે માર્ગદર્શન આપવામાં આવે તેમજ પાત્ર ખેડૂતોને મળવાપાત્ર સહાય માટે કાર્યવાહી કરવામાં આવે.

## સાવલી મેડિકલ કોલેજમાં ઓછા માર્ક્સ અને ડિપોઝિટ મુદ્દે વિવાદ

**પ્રિન્સિપાલે** આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા

(પ્રતિનિધિ) સાવલી, તા. 19
સાવલી ખાતે આવેલી મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓને વાયવા (મૌખિક પરીક્ષા)માં પૂરતા માર્ક્સ ન આપવા અને ડિપોઝિટનાં નાણાં પરત ન કરવા અંગેના આક્ષેપોને પગલે વિવાદ સર્જાયો છે. ખુશ્બુ ગોસ્વામી નામની વિદ્યાર્થિનીએ વાયવામાં ઓછા માર્ક્સ આપ્યાનો આક્ષેપ કરતાં કોલેજના વહીવટ સામે સવાલો ઊભા થયા છે. આ મામલે ઘટનાના વીડિયો પણ સામે આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

વિદ્યાર્થિનીના આક્ષેપો અંગે કોલેજના પ્રિન્સિપાલ તેજસ શેઠનો પક્ષ જાણવાનો પ્રયાસ કરવામાં આવતાં તેમણે આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતા. સાથે જ તેમણે દાવો કર્યો હતો કે કોલેજને સરકાર તરફથી ગ્રાન્ટ મળતી નથી. ગ્રાન્ટ માટે સરકાર સમક્ષ માંગણી કરવામાં આવી હોવા છતાં નાણાં ફાળવવામાં આવ્યાં નથી તેમ તેમણે જણાવ્યું હતું. બીજી તરફ, વિદ્યાર્થીઓ દ્વારા ડિપોઝિટની રકમ પરત ન કરવા અંગે પણ સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. જોકે, આ મુદ્દે સંબંધિત પક્ષોની વિસ્તૃત સ્પષ્ટતા સામે આવે તે જરૂરી છે.

સમગ્ર મામલે વિદ્યાર્થીઓના આક્ષેપો અને કોલેજના પ્રિન્સિપાલના ખુલાસા વચ્ચે અનેક પ્રશ્નો ઊભા થયા છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતોનું રક્ષણ થાય, માર્ક્સની પ્રક્રિયામાં પારદર્શિતા જળવાય અને ડિપોઝિટ અંગેની ફરિયાદોનો યોગ્ય ઉકેલ આવે તે માટે સંબંધિત તંત્ર દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે.

### પાદરાના શ્રીરામ છાત્રાલયમાં સ્માર્ટ બોર્ડનું લોકાર્પણ

(પ્રતિનિધિ) પાદરા, તા.19
પાદરાના શ્રીરામ કુમાર છાત્રાલય અને શ્રીરામ હિન્દૂ કૌશલ્ય કેન્દ્ર ખાતે સ્માર્ટ બોર્ડનું લોકાર્પણ, સીવણ તાલીમ પૂર્ણ કરનાર બહેનોને પ્રમાણપત્રો તથા વિદ્યાર્થીઓને સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. કરખડીની અમી લાઈફ સાયન્સ કંપનીના CSR ફંડમાંથી સ્માર્ટ બોર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં હતાં. ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના પ્રયાસોથી શૈક્ષણિક સુવિધામાં વધારો થયો હતો. કાર્યક્રમમાં સંતરામ મંદિરના મહંત મોહનદાસજી મહારાજ, ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, નગરપાલિકા પ્રમુખ દીપેશ પંચાલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પી.પી. શ્રોફ પરિવારના જય ઠક્કર દ્વારા સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## છોટાઉદેપુર પાલિકાના નવા પ્રમુખ તરીકે ડૉ. રજનીબેન રાઠવાની બિનહરીફ વરણી!

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 19
છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખપદે ડો. રજનીબેન જયદીપભાઈ રાઠવાની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી છે. આ સાથે જ છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સ્થાનિક રાજકીય અટકળોનો અંત આવ્યો છે. નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખ મંજુલાબેન કિશનભાઈ કોલીનો જાતિનો દાખલો રદ થતાં તેમનું પ્રમુખપદ અને સભ્યપદ ખાલી પડ્યું હતું. પરિણામે વોર્ડ નંબર ૪ની અનુસૂચિત જનજાતિ (ST) અનામત બેઠક પર પેટાચૂંટણી યોજાઈ હતી, જેમાં ડો. રજનીબેન રાઠવા જંગી બહુમતીથી વિજયી બન્યાં હતાં.

આજે નગરપાલિકાના સભાખંડમાં એસડીએમ મુસ્કાન ડાંગરના અધ્યક્ષસ્થાને પ્રમુખપદની ચૂંટણી યોજાઈ હતી.



નગરપાલિકાના તમામ ૨૮ સભ્યોએ ડો. રજનીબેન રાઠવાને સમર્થન આપતાં એસડીએમ દ્વારા તેમને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. તેમની વરણીથી નગરપાલિકામાં ચાલી રહેલી રાજકીય અનિશ્ચિતતાનો અંત આવ્યો છે. હવે નવા પ્રમુખ સામે શહેરના વિકાસકામોને વેગ આપવા, પાયાની સુવિધાઓ સુધારવા અને નાગરિકોના પ્રશ્નોનું સમયસર નિરાકરણ લાવવાનો મુખ્ય પડકાર રહેશે. વરણીને પગલે સમર્થકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

### ડભોઈ મર્કન્ટાઈલ ક્રેડિટ સોસાયટી ફડચામાં, અધિકારીની નિમણૂક

(પ્રતિનિધિ) પાદરા, તા.19
ધી ડભોઈ મર્કન્ટાઈલ કો. ઓપ. ક્રેડિટ સોસાયટી લિ.ને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના તા. ૨૦-૦૮-૨૦૨૬ના હુકમથી સહકારી કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ હેઠળ ફડચામાં લેવામાં આવી છે અને ફડચા અધિકારીની નિમણૂક કરાઈ છે. મંડળી પાસે કોઈનું લેણું કે માંગણું બાકી હોય તો નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી એક માસમાં આધાર-પુરાવા સાથે નોંધણી કરાવવી. આ માટે દાંડિયા બજાર, વડોદરા સ્થિત અન્યોન્ય કો. ઓપ. બેંકના મકાનમાં આવેલી કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. સમયમર્યાદા બાદ કોઈ દાવો સ્વીકારાશે નહીં. આ અંગે સહકારી અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સાવલી-ડેસરમાં દશેરા નિમિત્તે ક્ષત્રિય સમાજના ભવ્ય શસ્ત્રપૂજન કાર્યક્રમો યોજાશે

**ભાટિયા** મેદાનમાં સાંજે 6 વાગ્યે શસ્ત્રપૂજન, ધારાસભ્ય કેતન ઇનામદાર ઉપસ્થિત રહેશે

(પ્રતિનિધિ) સાવલી, તા. 19
દશેરા પર્વ નિમિત્તે આવતીકાલે સાવલી તાલુકામાં ક્ષત્રિય સમાજનાં વિવિધ સંગઠનો દ્વારા ભવ્ય શસ્ત્રપૂજનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોને લઈને સમાજના આગેવાનો અને કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

બરોડા ડેરીના માજી ડિરેક્ટર કુલદીપસિંહ રાઉલજીના નેતૃત્વમાં સાવલી-ડેસર તાલુકા ક્ષત્રિય સમાજ દ્વારા સવારે 11 વાગ્યે મુવાલ સ્થિત ક્ષત્રિય વાડી ખાતે મહાશસ્ત્રપૂજન કાર્યક્રમ યોજાશે.

જ્યારે ક્ષત્રિય રાજપૂત સમાજ સાવલી-ડેસર, સાવલી નગર અને વડોદરા ગ્રામ્ય ક્ષત્રિય સમાજ દ્વારા સાંજે 6 વાગ્યે ભાટિયા મેદાન ખાતે શસ્ત્રપૂજનનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય કેતન ઈનામદાર વિશેષ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત તાલુકાનાં ત્રણેય પોલીસ મથકોમાં પણ વિવિધ શસ્ત્રોના પૂજનના કાર્યક્રમો યોજાશે. ભાદરવા ખાતે ક્ષત્રિય સમાજ દ્વારા પરંપરાગત રીતે શસ્ત્રપૂજન કરવામાં આવશે.

આમ, દશેરાના પાવન પર્વ નિમિત્તે સાવલી તાલુકામાં વિવિધ સ્થળોએ શસ્ત્રપૂજનના કાર્યક્રમો દ્વારા પરંપરા અને શૌર્યની ઉજવણી કરવામાં આવશે.